**Extra No. 32**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]    TUESDAY, JANUARY 13, 2026 / PAUSHA 23, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૨૦મી જુલાઈ, ૨૦૨૪. ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવાય/૧૬/એચએફડબલ્યુડી/એઆરએ/ઈ-ફાઈલ/૭/૨૦૨૩/૧૧૯૮/છ.-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

## NOTIFICATION

*Regarding*

**The Assistant Director (Ayurved)/ District Ayurved Officer/ Vaidya Panchkarma/ Deputy Hospital Superintendent, Class I, in the Gujarat Ayurved Services, under the Directorate of AYUSH (Ayurveda, Yoga and Naturopathy, Unani, Siddha and Homoeopathy), Recruitment Rules, 2024**

**નિયામક, આયુષ (આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપથી) ની કચેરી હેઠળની ગુજરાત આયુર્વેદ સેવામાં, મદદનીશ નિયામક (આયુર્વેદ)/ જિલ્લા આયુર્વેદ અધિકારી/ વૈદ્ય પંચકર્મ /નાયબ હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૪ સંબંધી**

**જાહેરનામું**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઇ, ૨૦૨૪

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ જીવાય/૧૬/એચએફડબલ્યુડી/એઆરએ/ઈ-ફાઇલ/૭/૨૦૨૩/૧૧૯૮/છ:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમોને રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, આયુષ (આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપથી), ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળની ગુજરાત આયુર્વેદ સેવામાં, મદદનીશ નિયામક (આયુર્વેદ)/ જિલ્લા આયુર્વેદ અધિકારી/વૈદ્ય પંચકર્મ/નાયબ હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો નિયામક, આયુષ (આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપથી) ની કચેરી હેઠળની ગુજરાત આયુર્વેદ સેવામાં, મદદનીશ નિયામક (આયુર્વેદ)/ જિલ્લા આયુર્વેદ અધિકારી/ વૈદ્ય પંચકર્મ /નાયબ હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, *રાજપત્રમાં* તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. નિયામક, આયુષ (આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપથી) ની કચેરી હેઠળની ગુજરાત આયુર્વેદ સેવામાં, મદદનીશ નિયામક (આયુર્વેદ)/જિલ્લા આયુર્વેદ અધિકારી/વૈદ્ય પંચકર્મ/નાયબ હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) નિયામક, આયુષ (આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપથી)-ની કચેરી હેઠળની ગુજરાત આયુર્વેદ સેવામાં, તબીબી અધિકારી (આયુર્વેદ)/નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨ ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે વિચારણા ક્ષેત્રની અંદરથી, બઢતી માટે યોગ્ય જણાતી “સારા” -નો આધાર-ચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ઉપર ઠરાવેલી ઉપલી વયમર્યાદાને સંબંધિત છે ત્યાં સુધી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર લાગુ પડશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અને ભારતીય તબીબી પદ્ધતિ માટેના રાષ્ટ્રીય આયોગ દ્વારા માન્ય થયેલી પણ આયુર્વેદ યુનિવર્સિટીમાંથી મેળવેલી આયુર્વેદમાં અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(ક) નિયામક, આયુષ-ની કચેરી હેઠળની ગુજરાત આયુર્વેદ સેવામાં, તબીબી અધિકારી (આયુર્વેદ)/નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો આશરે પાંચ વર્ષનો અધ્યાપનનો/ચિકિત્સા(નૈદાનિક)/વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) નિયામક, આયુષ-ની કચેરી હેઠળની ગુજરાત આયુર્વેદ સેવામાં, તબીબી અધિકારી (આયુર્વેદ)/નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકાર/સ્થાનિક સંસ્થાઓ/સરકારી અન્ડરટેકિંગ/બોર્ડ/કોર્પોરેશન/કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થાપાયેલી લિમિટેડ કંપની/યુનિવર્સિટી/રજિસ્ટર્ડ બિન-સરકારી સંસ્થામાં આયુર્વેદ સેવાના ક્ષેત્રમાં આશરે પાંચ વર્ષનો અધ્યાપન/ચિકિત્સા(નૈદાનિક)/વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અને ભારતીય તબીબી પદ્ધતિ માટેના રાષ્ટ્રીય આયોગ દ્વારા માન્ય થયેલી કોઈ આયુર્વેદ યુનિવર્સિટીમાંથી આયુર્વેદ(ઔષધપદ્ધતિ (મેડિસિન)) અને સર્જરી (શસ્ત્રક્રિયા) (બી.એ.એમ.એસ.) માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે.

(ક) ગુજરાત આયુર્વેદ સેવામાં, આયુષ નિયામકની કચેરી હેઠળ તબીબી અધિકારી (આયુર્વેદ)/નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી શૈક્ષણિક/ચિકિત્સાવિષયક/વહીવટી જગા ઉપરનો આશરે આઠ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) ગુજરાત આયુર્વેદ સેવામાં, આયુષ નિયામકની કચેરી હેઠળ તબીબી અધિકારી (આયુર્વેદ)/નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય હોય તે જગાને સમકક્ષ ગણી શકાય તેવી શૈક્ષણિક/ ચિકિત્સાવિષયક/ વહીવટી જગા ઉપરનો સરકાર/સ્થાનિક મંડળો/સરકારી અન્ડરટેકિંગ/બોર્ડ/ કોર્પોરેશન/કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની/યુનિવર્સિટી/રજિસ્ટર થયેલી બિન-સરકારી સંસ્થામાં આયુર્વેદ સેવાના ક્ષેત્રમાં આશરે આઠ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત માટે અજમાયશ ઉપર રહેવું જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અરજીના સમયે, ગુજરાત વૈદક વ્યવસાયીઓનો અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રાજ્ય બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન-માં પોતાના નામની નોંધણી કરાવવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ધવલ શાહ,**

સરકારના નાયબ સચિવ.

------------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.30 22:06:37 IST